# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

2026

સા વિદ્યા યા વિમુક્તયે

## પ્રથમ વર્ષ અભ્યાસક્રમ-૪

સપ્ટેંબર

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન-૧ ખાલી જગ્યા પુરો.** **૨૦**

૧) જેમ જેમ ..............શાંત થતા જાય છે તેમ જીવ સૌમ્યપ્રકૃતિવાળો બનતો જય છે.
૨) જેનું પરિવર્તન થાય, અવસ્થા બદલાય તે.....................
૩) ...........ના સમયમાં સ્વયંભૂ વાસુદેવ થયા.
૪) મન નબળું પડે એટલે ............આરાધનાના મનોરથોમાં ખામી આવી જાય છે.
૫) એઠાં કરેલા આહાર પાણીમાં અડતાલીસ મિનિટ પછી .................જીવો ઉત્પન્ન થાય છે.
૬) સંસાર સુખેથી ચાલતો હતો પણ બધુ બરાબર ચાલે તો ...................સંસારને અસાર કેમ જણાવત.
૭) લુણ વિનાનું ભોજન જેમ આનંદ આપનાર બનતું નથી તેમજ ..................વિનાનું માનવ જીવનશોભા આપતું નથી.
૮) .................પ્રભુ ભદ્દિલપુર મા કેવળ જ્ઞાન પામ્યા.
૯) આપણે અનાદિ કાળમાં આવી .............ના કારણે આપણા પરોપકારીને પણ ઓળખી શકતા નથી.
૧૦) ધર્મ ને ન સમજતો જીવ ..................ને આધીન બનીને આત્માને કર્મ ના અને સંસારના ચક્રમાં ફેરવતો રહે છે.
૧૧) ....................નો ઉપયોગ આપણા આત્માને કઠોર બનાવે છે.
૧૨) .......................સૂત્ર થી જવા આવવાની ક્રિયા કરતાં જીવોની જે વિરાધના થઇ હોય તેનું પ્રતિક્રમણ કરાય છે.
૧૩) શ્રાવકનું જીવન .........ના ઉપયોગ વગર ન ચાલે.
૧૪) જેમ અલ્પ ધનવાળાને ચિંતામણી રત્નસુલભ નથી તેમ ...........ધનથી રહિત જીવોને ધર્મરૂપી રત્નો પણ સુલભ નથી.
૧૫) .............થી રૂપ તો તીર્થંકર પરમાત્માનેજ સંભવી શકે છે
૧૬) મેથી વગૈરેના સુકાવેલા પાંદડામાં નાના સુક્ષ્મ ..............જીવો નિર્માણ થાય છે.
૧૭) ...............પ્રભુના શાસન રક્ષક કિન્નરયક્ષ અને પન્નગા યક્ષિણી હતા.
૧૮) દેવગુરૂની અનુમોદના અને એમના મહાન ગુણોની પ્રાપ્તિ માટે ...............આવશ્યક બની જાય છે.
૧૯) ...................જીવ શ્રાવક જીવનમાં શાંતિ ફેલાવે છે અને સંયમ જીવનમાં પરંપરાએ કેવળજ્ઞાન પામે છે.
૨૦) મહાસુદિ બીજનાં ..............પ્રભુ કેવળજ્ઞાન પામ્યા.

**પ્રશ્ન-૨ એકજ શબ્દમાં જવાબ આપો.** **૧૫**

૧) કયા સૂત્રથી આગારો પૂર્વક કાઉસ્સગ કરાય છે?
૨) શેના અભાવે વ્યકિત ધર્મ સ્થાનોમાં લટાર મારીને અને દેરાસર ઉપાશ્રયના ચકકર ખાઇને પણ ધર્મ નથી પામી શકતો?
૩) પચાસ હજાર પૂર્વ વર્ષ કુમારપણે અને પચાસ હજાર પૂર્વ અને અઠઠયાવીશ પૂર્વાંગ રાજા પણે કયા ભગવાન રહયા?
૪) મનુષ્યગતિના કોઇ પણ એક ભવમાં જન્મથી મરણ સુધી ટકાવી રાખનાર કયું કર્મ?
૫) કાયોત્સર્ગ એટલે શું?
૬) થાળી ધોઇને પીવાના રિવાજ પાછળ કયું રહસ્ય છુપાયેલું છે?
૭) બધા જ દાનોનો રાજા કોણ?
૮) અરિહંત પરમાત્માનાં આઠ પ્રતિહાર્યો શેમાં બતાવ્યા છે?
૯) હાડકાની મજબુત રચના અથવા શરીરની શકિત ને શું કહેવાય?
૧૦) શરીરનો ઉત્તમમાં ઉત્તમ સર્વશ્રેષ્ઠ આકાર અપાવે તે કયું કર્મ?
૧૧) સત્ અને અસત્ના જાણકાર ને શું કહેવાય?
૧૨) અળશીયાનો સમાવેશ કયા જીવોમાં થાય છે?
૧૩) આલાવો ગણતાં મદિરાપાની ની પેરે બડબડાટ કરે તો કયો દોષ?
૧૪) જે વ્યકિત બુધ્દિમાન હોવાથી વિચાર કરીને જેનું પરિણામ સુંદર હોય એવા કાર્યને કરનાર હોય તેને શું કહેવાય?
૧૫) પ્રદેશ રહિત દ્રવ્ય કયો?

**પ્રશ્ન-૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** **૧૦**

૧) મહિયા ૨) સર્વગત ૩) કમ્માણં ૪) તહ ૫) તિમીર ૬) બાયર ૭) મએ ૮) વિરાહણાએ
૯) સુવિહિં ૧૦) ખુદ્દો ૧૧) વણ ૧૨) અલસ ૧૩) હુજ્જ ૧૪) જહ ૧૫) એવં ૧૬) કિલામિયા
૧૭) કિમિ ૧૮) વિસલી ૧૯) ઉદ્દેહિયા ૨૦) સંપુન્નંગોવંગો

**પ્રશ્ન-૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો).** ૧૦

| એ | બી |
|---|---|
| ૧) ક્ષેત્ર | ૧) અભક્ષ્ય |
| ૨) ઉતિંગ | ૨) અગંભીર |
| ૩) માંકડ | ૩) બેઇંદ્રિય |
| ૪) શ્રી શ્રેયાંસનાથ | ૪) પ્રશસ્ત રૂપવાળો |
| ૫) લોગસ્સ સૂત્ર | ૫) આકાશાસ્તિકાય |
| ૬) રૂપવાન | ૬) મનુજ યક્ષ |
| ૭) અનેક | ૭) કીડીયારૂં |
| ૮) શંખ | ૮) પુદ્ગલાસ્તિકાય |
| ૯) ચલિતરસ | ૯) નામસ્તવ; |
| ૧૦) ક્ષુદ્ર | ૧૦) તેઇંન્દ્રિય |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧) ઇરીયાવહી સૂત્રના ભાંગા કેટલાં?
૨) રૂપી દ્રવ્ય કેટલા?
૩) શ્રાવકનાં ગુણો કેટલાં?
૪) શ્રી વાસુપુજયસ્વામીનું આયુષ્ય કેટલું?
૫) કાઉસ્સગ ને લગતાં કેટલાં દોષ?
૬) પુણ્ય કેટલા પ્રકારે બંધાય?
૭) શ્રી વિમલનાથ ભગવાનનો છદ્મસ્થ કાળ કેટલો?
૮) ષડ્દ્રવ્યની કેટલી માર્ગણા?
૯) ઇયળમાં કેટલી ઇન્દ્રિય?
૧૦) શ્રી શ્રેયાંસનાથ પ્રભુ કેટલાં વર્ષ કુમારપણે રહયા?

**પ્રશ્ન-૬ નીચેના વાકયો સાચા (✓) છે ખોટા ( × ) તે જણાવો.** ૧૦

૧) સર્વવ્યાપક ન હોય તે સર્વગત.
૨) લોગસ્સસૂત્રથી અતીત ચોવીશીને વંદન થાય છે.
૩) મધવા અને સનતકુમાર ચક્રવર્તી શ્રી વાસુપુજયસ્વામીના શાસનમાં થયા હતા.
૪) આદેય નામકર્મના ઉદયથી જીવ સહુને માન્ય વચનવાળો થાય છે.
૫) નવપરિણીત વધુની પેઠે માથું નીચું રાખે તે ખલિણ દોષ.
૬) સત્કથી એટલે યથાર્થ વસ્તુતત્વને જોનાર હોય.
૭) આંખ ન હોય અથવા નબળી હોય તો જયણા ન પાળી શકાય.
૮) ઇરીયાવહીના પ્રતિક્રમણ થી સામાન્ય શુદ્દિ અને કાઉસ્સગથી વિશેષ શુદ્દિ થાય છે.
૯) પ્રત્યેક નામકર્મના ઉધ્યથી નાભિ ઉપરના મસ્તકાદિ શુભ અવયવોની પ્રાપ્તિ થાય છે.
૧૦) શ્રી ચંદ્રપ્રભુસ્વામી ચંપાપુરીમાં કેવળજ્ઞાન પામ્યા.

**પ્રશ્ન-૭ નીચેનું વાકય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧) દરરોજ ના જીવન માં થતી જીવ વિરાધના ને સમજીને એનાથી પાછા હટવા ઉધમશીલ બનવુ જોઇએ
૨) ચંદ્રોથી પણ વધારે નિર્મલ, સૂર્યોથી વધારે પ્રકાશ કરનારા, શ્રેષ્ઠ સાગર કરતાં પણ વધારે ગંભીર એવા હે સિદ્દો! મને સિદ્દ પદ-મોક્ષને આપો........!
૩) ગુરૂને અશાતા અને આર્તધ્યાનમાં પોતે નિમિત્ત બન્યા છે એવું મનમાં વિચારી સતત પશ્ચાતાપ કરે છે.
૪) બાપા એક દિવસ ઉપવાસ કરી નાંખે તો તબીયત પણ સારી રહે.
૫) વાણીનો સદુપયોગ કરી પ્રભુ સ્તુતિ સ્તવના ભકિતમાં એને જોડવી પડશે.
૬) જીવ કેવળ જન્મ શ્રાવક કે ક્રિયા શ્રાવક બનીને નહીં ચાલે પણ ગુણશ્રાવક બનવા સખત પુરૂષાર્થ કરવો જ રહયો.
૭) પુણ્ય સુંદરતા થી સમજાઇ જાય તો પાપ ના ચક્કર અટકી જાય.
૮) એમને બધાને સુખ આપવાથી આપણને સુખ મળે છે.......દુ:ખ આપવાથી દુ:ખ મળે છે.
૯) જેમ માંકડાનું બચ્ચુ માતાના પેટને વળગેલું હોય છે તેમ બે હાડકા સામસામાં હાડકોને વળગેલા હોય છે તેને મર્કટ બંધ કહે છે.
૧૦) "જીવ ને પોતાનું શરીર ભારે હલકુ ન લાગવા દે"

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) પુણ્યના કારણરૂપ બંધાતા કોઇપણ પાંચ શુભ કર્મ
૨) લોગસ્સ સૂત્ર માં પ્રભુ ના ગુણાનુવાદ સાથે કરેલી માંગણી
૩) શ્રી શીતલનાથ પ્રભુનો પરિવાર
૪) પુણ્ય ની ઉપાદેયતા શું કામ?
૫) શીતલનાથ પ્રભુ ના સંક્ષિપ્ત ચરિત્ર

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**

શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪